### સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે સાઉથ ઝોનના અધિકારીઓની મિલીભગતની ગંધ

# સુસેન સર્કલ થી ગુરુદ્વારા સર્કલ સુધી તંત્રનું 'ડ્રાઈવ' નાટક, અધિકારીઓની હાજરીમાં જ દબાણકારોને છાવરવામાં આવ્યા?

**80 કર્મચારીઓનો કાફલો ઉતાર્યો છતાં લારી-ગલ્લાના દબાણો યથાવત**

(પ્રતિનિધિ) વડોદરા. તા.13

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્માર્ટ અને સ્વચ્છ બનાવવાની મોટી-મોટી વાતો વચ્ચે તંત્રની બેધારી નીતિ ફરી એકવાર સપાટી પર આવી છે. વડોદરાના દક્ષિણ વિસ્તારમાં સુસેન સર્કલથી ગુરુદ્વારા સર્કલ સુધીના માર્ગ પર પાલિકા દ્વારા વિશેષ સફાઈ ઝુંબેશ અને મરામતની કામગીરી હાથ ધરવામાં આવી હતી, પરંતુ આશ્ચર્યજનક રીતે અધિકારીઓની હાજરીમાં જ લારી-ગલ્લાના દબાણો યથાવત જોવા મળતા અનેક સવાલો ઉભા થયા છે. પાલિકાના આયોજન મુજબ, આ મહત્વના માર્ગ પર સફાઈ, માટી ઉપાડવી, ડિવાઈડર ધોવા, જંગલ કટિંગ, પેચવર્ક અને UCD વિભાગને લગતી તમામ કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ માટે પ્રત્યેક વોર્ડ દીઠ 15 મુજબ કુલ 60 સફાઈ મિત્ર અને અન્ય 20 કર્મચારીઓ મળીને કુલ 80 જેટલા માણસોનો કાફલો ખડકી દેવામાં આવ્યો હતો. કાગળ પર આ કામગીરી ખૂબ જ ભવ્ય દેખાઈ રહી હતી, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ હતી. રસ્તાની




સફાઈ અને પેચવર્ક દરમિયાન સૌથી મોટો અવરોધ લારી-ગલ્લા અને પાથરણાવાળાઓના દબાણનો હોય છે. જ્યારે સાઉથ ઝોનના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર હોય, ત્યારે આશા હતી કે માર્ગ દબાણમુક્ત બનશે. જોકે, પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, અધિકારીઓની નજર સામે જ દબાણકારો અડીંગો જમાવીને બેઠા હતા અને તંત્રએ તેમને હટાવવાની તસ્દી સુદ્ધાં લીધી નહોતી.

એક તરફ સફાઈના નામે લાખોનો ખર્ચ અને કર્મચારીઓની ફોજ ઉતારવામાં આવે છે, તો બીજી તરફ દબાણકારોને કેમ છાવરવામાં આવે છે ? શું આ માત્ર ફોટો સેશન માટેની કામગીરી છે ? શહેરમાં ચર્ચા એવી પણ છે કે સ્માર્ટ સિટીની ગુલબાંગો ફૂંકતા અધિકારીઓ અને સ્થાનિક દબાણકારો વચ્ચે કોઈ છૂપી 'મિલીભગત' ચાલી રહી છે. જો 80 કર્મચારીઓ અને ઝોનલ અધિકારીઓની હાજરીમાં પણ રસ્તો ખુલ્લો ન થઈ શકતો હોય, તો સામાન્ય દિવસોમાં સ્થિતિ શું હશે તેની કલ્પના કરવી જ રહી.

### વિવિધ પ્રકારોના સંચાલન અને વિભાજન અંગેની પદ્ધતિઓ જાણી

# ગોવા પંચાયત પ્રતિનિધિમંડળે વડોદરાની વેસ્ટ મેનેજમેન્ટ યુનિટની મુલાકાત લીધી

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા, તા.૧૩ઃ ગોવાના ચૂંટાયેલા સરપંચો અને પંચાયતના ૭૫ સભ્યોના પ્રતિનિધિમંડળે 'કચરે સે આઝાદી' ફાઉન્ડેશનના સહયોગથી સંચાલિત દુમાડ ગ્રામ પંચાયતની એમ.આર.એફ. (મટીરીયલ રિકવરી ફેસિલિટી) યુનિટની મુલાકાત લીધી હતી. વડોદરા નજીક આવેલા દુમાડ ખાતેની આ સુવિધાની મુલાકાતનો હેતુ કચરાના વિવિધ પ્રકારોના સંચાલન અને તેના વિભાજન અંગેની નવીન પદ્ધતિઓ વિશે જાણવાનો હતો.

મુલાકાત દરમિયાન પ્રતિનિધિમંડળને સુવિધાના કાર્યપ્રણાલી વિશે તેમજ ભેજયુક્ત કચરાના સંચાલન, એટલે કે ઘરગથ્થુ રસોડામાંથી ઉત્પન્ન થતો જૈવિક કચરો કોમ્પોસ્ટમાં કેવી રીતે રૂપાંતરિત કરવામાં આવે છે તે અંગે પ્રાયોગિક રીતે માહિતી આપવામાં આવી હતી.



તેમણે કચરા વ્યવસ્થાપનની તમામ પદ્ધતિઓ અને ટકાઉ વેસ્ટ મેનેજમેન્ટ કેવી રીતે અમલમાં મૂકી શકાય તે વિશે પણ જાણકારી મેળવી હતી.

આ મુલાકાત ભારત સરકારના પંચાયત રાજ મંત્રાલય તરફથી એ.એફ.સી. દ્વારા આયોજન કરવામાં આવી હતી. સાથે જ ગોવા સરકારના પંચાયત નિર્દેશાલય પણ જોડાયેલું હતું, જે રાષ્ટ્રીય ગ્રામ સ્વરાજ અભિયાન (RGSA) હેઠળ ક્ષમતા નિર્માણ પ્રવૃત્તિના ભાગરૂપે આ એક્સપોઝર ટુરનું અમલીકરણ કરે છે. આ યોજના કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા નાણાંકીય સહાયથી સંચાલિત છે. આ પ્રવાસનો હેતુ ગામના નેતાઓને દેશભરના સફળ મોડલોમાંથી શીખવાની તક આપવાનો હતો.

ડૉ. સુનીત દાબકે અને તેમની ટીમ દ્વારા વિવિધ પહેલોની માહિતી જેમાં રોકેટ કોમ્પોસ્ટર, પરંપરાગત પિટ કોમ્પોસ્ટિંગ તેમજ કોમ્પોસ્ટિંગ ટમ્બલર જેવી ટેકનોલોજીની અંગે જાણકારી આપી હતી.

### "દિવ્યાંગજનોને સ્વાવલંબન તરફ એક પગલું"

# જિલ્લાસમાજસુરક્ષાદ્વારાદિવ્યાંગલાભાર્થીઓને આધુનિક સહાયક સાધનોનું વિતરણ કરાયું

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

આજરોજ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના કેબિનેટ મંત્રી શ્રી ડૉ.પ્રદ્યુમન વાજા તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રાજ્યમંત્રી શ્રી ડૉ. મનીષાબેન વકીલની વિશેષ ઉપસ્થિતિમાં દિવ્યાંગજનોને સહાયરૂપ થવા તથા તેમની દૈનિક જીવનમાં ગતિશીલતા વધારવાના હેતુસર દિવ્યાંગ સાધન વિતરણ કાર્યક્રમમાં મોટોરાઈઝ્ડ ટ્રાયસિકલ તેમજ જોયસ્ટિક વ્હીલચેરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના અનુસંધાને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નિયામક શ્રી વિક્રમસિંહ જાદવના માર્ગદર્શન હેઠળ જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, વડોદરા દ્વારા દિવ્યાંગજનોને સહાયરૂપ થવા



અને તેમની દૈનિક જીવનમાં સરળ ગતિશીલતા સુનિશ્ચિત કરવા હેતુસર જિલ્લા સમાજ સુરક્ષાની કચેરી, વડોદરા ખાતે દિવ્યાંગ સાધન વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં વડોદરા જિલ્લાના આસપાસના તાલુકાઓમાંથી કુલ-૪૧ દિવ્યાંગ લાભાર્થીઓએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી. કેમ્પ દરમિયાન લાભાર્થીઓની જરૂરિયાત અને યોગ્યતા મુજબ મોટોરાઈઝ્ડ ટ્રાયસિકલ તેમજ જોયસ્ટિક વ્હીલચેરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાધનો દ્વારા દિવ્યાંગજનોને તેમની દૈનિક પ્રવૃત્તિઓમાં સરળતા પ્રાપ્ત થાય તેમજ તેઓ વધુ સ્વાવલંબન સાથે જીવન કુશળતાથી જીવી શકે તે હતો, કેમ્પ દરમિયાન જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી ભગીરથસિંહ ચુડાસમા દ્વારા લાભાર્થીઓને મોટોરાઈઝ્ડ ટ્રાયસિકલ અને જોયસ્ટિક વ્હીલચેરના યોગ્ય ઉપયોગ, સંભાળ અને જાળવણી અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### વડોદરા જિલ્લા પંચાયત હોલ ખાતે 157 આશા વર્કર બહેનોને HBNC કીટ અપાઈ

# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે નવજાત શિશુ સંભાળ કીટનું વિતરણ

**માતા-બાળ** આરોગ્ય માટે આશા બહેનોની ભૂમિકા મહત્વપૂર્ણ : આરોગ્ય અધિકારીઓ

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે વડોદરા જિલ્લામાં જિલ્લા પંચાયત કચેરીના હોલ ખાતે નવજાત શિશુ સંભાળ (HBNC) કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન જિલ્લાના 157 આશા વર્કર બહેનોને નવજાત શિશુની સંભાળ માટેની કીટ વિતરણ કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મિનાક્ષીબેન ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે ફાર્મસન કંપની દ્વારા આપવામાં આવેલી HBNC




કીટ નવજાત શિશુના જન્મ સમયે અને તેની યોગ્ય સંભાળ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે. આશા બહેનો ગામોમાં સગર્ભા તથા ધાત્રી માતાઓ માટે સહેલી સમાન છે અને તેમની કામગીરીથી માતા અને બાળ મૃત્યુ દર ઘટાડવામાં મહત્વપૂર્ણ મદદ મળે છે. અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. શૈલેષભાઈ સુતરિયાએ જણાવ્યું હતું કે નરોત્તમ લાલભાઈ રૂરલ ડેવલપમેન્ટ ફંડ સંસ્થાનો મળતો સહયોગ સરાહનીય છે. આશા બહેનોની કામગીરીથી આવનારી પેઢી નિરોગી અને તંદુરસ્ત બનશે તેવી આશા પણ તેમણે વ્યક્ત કરી હતી.

નરોત્તમ લાલભાઈ રૂરલ ડેવલપમેન્ટ ફંડના ડાયરેક્ટર બી.એમ. શાહે જણાવ્યું હતું કે સરકાર, CSR અને સ્થાનિક સંસ્થાઓના સહયોગથી સંસ્થા વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમો સફળતાપૂર્વક અમલમાં મૂકી રહી છે અને ભવિષ્યમાં પણ વધુ સકારાત્મક કામગીરી કરવામાં આવશે. તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. નીરજ દેસાઈએ જણાવ્યું હતું કે સંસ્થા દ્વારા ભીંત ચિત્રો, IEC પ્રવૃત્તિઓ અને હોમ વિઝિટ દ્વારા મોટા પાયે જનજાગૃતિ ફેલાવવામાં આવી છે, જેના કારણે લોકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ વધી છે.

# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે ડૉ. સોનાલી માલવિયાને "Women Health Icon Award 2026"થી સન્માન



**International Naturopathy** Organisation દ્વારા વડોદરામાં ભવ્ય સમારોહમાં એવોર્ડ અર્પણ

**નેચરોપેથી** અને યોગ ક્ષેત્રે 25 વર્ષથી સેવાકાર્ય માટે મળ્યું સન્માન

(પ્રતિનિધિ) વડોદરાઃ તા.13

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે International Naturopathy Organisation (INO) દ્વારા વડોદરાના વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ખાતે આયોજિત કાર્યક્રમમાં ડૉ. સોનાલી માલવિયાને *"Women Health Icon Award 2026"*થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન પરમ પૂજ્ય 108 વ્રજરાજકુમારજી મહારાજની પવિત્ર હાજરીમાં આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે INO વડોદરા અધ્યક્ષ ડૉ. અરુણ ચોકસી, સંયુક્ત સચિવ સ્વાતિ જૈન, ટ્રેઝરર ડૉ. નીરજ માલવિયા સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ડૉ. સોનાલી માલવિયાના આરોગ્યક્ષેત્રે નોંધપાત્ર યોગદાનને બિરદાવવામાં આવ્યું હતું.

ડૉ. સોનાલી માલવિયાને મહિલાઓના આરોગ્ય અને સર્વાંગી (Holistic) વેલનેસ ક્ષેત્રે આપેલા ઉત્તમ યોગદાન બદલ આ એવોર્ડ આપવામાં આવ્યો છે. તેઓ છેલ્લા 25 વર્ષથી નેચરોપેથી અને યોગ ક્ષેત્રે કાર્યરત રહી સમાજને સ્વસ્થ જીવનશૈલી અપનાવવા માટે પ્રેરિત કરી રહ્યા છે.

આ પ્રસંગે INOના પ્રમુખ અનંત બિરાદરજી, INO દિલ્હી ટીમ, INO ગુજરાત સ્ટેટ ટીમ અને INO વડોદરા ટીમનો વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ સન્માનને INO ગુજરાત પરિવાર માટે ગૌરવની ક્ષણ ગણાવવામાં આવી હતી અને મહિલા શક્તિના ગૌરવને ઉજાગર કરતી આ સિદ્ધિ બદલ ડૉ. સોનાલી માલવિયાને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# વડોદરા મધ્યસ્થ જેલમાં મહિલા બંધીઓ માટે મહિલા દિને પ્રેરણાત્મક પ્રવચન યોજાયો



(પ્રતિનિધિ) વડોદરા, તા.13

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના ભાગરૂપે વડોદરા મધ્યસ્થ જેલ ખાતે મહિલા બંધીઓ માટે પ્રેરણાત્મક પ્રવચન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેલના વડા કે.ડી. વાઘેલા ના માર્ગદર્શન અને સૂચના મુજબ જેલ સુધારાત્મક પ્રવૃત્તિઓ અંતર્ગત આ કાર્યક્રમ યોજાયો હતો.

વડોદરા મધ્યસ્થ જેલ અધિક્ષક ઉપેન્દ્ર રાવ સાહેબના માર્ગદર્શન હેઠળ તથા વડોદરાના સહયોગથી C|C Cafe - અલકાપુરી ની ટીમ દ્વારા મહિલા જેલ વિભાગમાં બંધ મહિલાઓ માટે આ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલા બંધીઓને હકારાત્મક ઉર્જા આપવી તેમજ તેમને પ્રેરણાદાયક જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન વિવિધ પ્રેરણાત્મક વિચારો અને જીવનમૂલ્યો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જેના કારણે મહિલા બંધીઓમાં સકારાત્મકતા અને આત્મવિશ્વાસ વધે તેવો સંદેશ આપવામાં આવ્યો.

આ પ્રસંગે જેલ અધિક્ષક ઉપેન્દ્ર રાવ, જેલ અધિકારીઓ, C|C Cafe - અલકાપુરી ના પ્રતિનિધિઓ તથા મહિલા સ્ટાફ હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન મહિલા બંધીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

### 43 ગોલ્ડ, 23 સિલ્વર અને 19 બ્રોંઝ પદકો જીત્યા

# વડોદરાસ્વિમિંગટીમનોખેલમહાકુંભમાં દમદાર દેખાવ : 115 પદકો મેળવ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

ખેલ મહાકુંભ ગુજરાતનું સૌથી પ્રતિષ્ઠિત અને વિશાળ ગ્રાસરૂટ સ્તરનું રમતોત્સવ છે, જે રાજ્યભરના હજારો ખેલાડીઓને પોતાની પ્રતિભા દર્શાવવા અને ઉચ્ચ સ્તરે સ્પર્ધા કરવા માટે ઉત્તમ મંચ પૂરો પાડે છે.

ખેલ મહાકુંભ ૨૦૨૫ની રાજ્ય સ્તરની સ્વિમિંગ સ્પર્ધા ગુજરાતના વિવિધ સ્થળોએ ત્રણ તબક્કામાં યોજાઈ હતી. ઓપન એજ બોયઝ અને ગર્લ્સ કેટેગરીની સ્પર્ધાઓ ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ થી ૧૯ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન વડોદરામાં યોજાઈ હતી. અંડર-૧૧, અંડર-૧૪ અને અંડર-૧૭ બોયઝ કેટેગરીની સ્પર્ધાઓ ૧૩ અને ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન ભાવનગરમાં યોજાઈ હતી. જ્યારે ગર્લ્સ કેટેગરીની સ્પર્ધાઓ ૨૨ અને ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન હિમ્મતનગરમાં યોજાઈ હતી.

વડોદરાના સ્વિમર્સે આ સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરતાં કુલ ૧૧૫ પદકો જીત્યા, જેમાં ૪૩ ગોલ્ડના, ૨૩



કિથોરિયા (૩ ગોલ્ડ, ૧ સિલ્વર), ઓમ કદમ (૨ ગોલ્ડ, ૩ બ્રોંઝ), હર્ષ મહેશ્વરી (૧ ગોલ્ડ, ૧ સિલ્વર, ૩ બ્રોંઝ), ચિરાગ નેગી (૧ ગોલ્ડ, ૧ સિલ્વર), આરુષ લાંજેવાર (૧ ગોલ્ડ, ૨ સિલ્વર), પ્રશિવ જોશી (૧ ગોલ્ડ, ૧ સિલ્વર, ૨ બ્રોંઝ), શુભમ મેર (૧ ગોલ્ડ, ૨ સિલ્વર), અનુશ્યા કૈથવાસ (૩ ગોલ્ડ, ૧સિલ્વર, ૧ બ્રોંઝ), આઝિક્યા સિંહ (૪ ગોલ્ડ,૧સિલ્વર), પ્રિષા પંચોલી (૧ ગોલ્ડ,૧ સિલ્વર, ૧ બ્રોંઝ), સ્મૃતિ સિંહ (૩ ગોલ્ડ, ૧ સિલ્વર, ૧ બ્રોંઝ), અવની સિંહ (૪ ગોલ્ડ, ૧ બ્રોંઝ), હિમધી ચૌહાણ (૧ ગોલ્ડ, ૨ બ્રોંઝ), સાંવી પટવા (૨ ગોલ્ડ, ૨ સિલ્વર) અને સારા સરોહા બ્રોંઝ), નિરાલી બાલગામિયા (૩ બ્રોંઝ), હાર્દી લાડાણી (૨ બ્રોંઝ), ભૂમિ કોરાટ (૨ બ્રોંઝ), તેમજ કોન્સ્ટાન્શિયો ગોમ્સ, લક્ષ્ય મીલ, મૌસ્મી શાહ, સેલ્વી વાશી, ઉર્વશી રાય અને મયુર કહારએ એક-એક બ્રોંઝ પદક જીત્યો હતો.

આ તમામ સ્વિમર્સ વડોદરાના સમા ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત (SAG) હેઠળ તાલીમ લે છે. ટીમને કોચ કૃષ્ણ પંડ્યા અને વિવેક સિંહ બોરલિયા માર્ગદર્શન આપે છે, જ્યારે ટ્રેનર્સ સુબોધ કુમાર અને બિપિન કુમાર પણ તેમની તાલીમમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# MSUના કેમ્પસને 27 કરોડના ખર્ચે ફાયર-પ્રૂફ કરવામાં આવશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.13

વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓ, શૈક્ષણિક સ્ટાફ અને યુનિવર્સિટીની અમૂલ્ય વિરાસત સમાન ઈમારતોની સુરક્ષા કાજે એક ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકાર અને યુનિવર્સિટી પ્રશાસન દ્વારા સંયુક્ત રીતે આ શૈક્ષણિક સંકુલમાં સુરક્ષાના ધોરણો મજબૂત કરવા માટે 27 કરોડના માતબર ખર્ચે અત્યાધુનિક ફાયર સેફ્ટી સિસ્ટમ અને સાધનો લગાવવાની મંજૂરી આપવામાં આવી છે.

એમ.એસ.યુનિવર્સિટી તેના સ્થાપત્ય અને ભવ્ય ઈતિહાસ માટે જાણીતી છે. યુનિવર્સિટીના ઘણા ભવનો સદીઓ જૂના છે, જ્યાં હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ જૂની અને ઐતિહાસિક ઈમારતોમાં આગ જેવી આકસ્મિક દુર્ઘટનાઓ સમયે જાન-માલનું નુકસાન ન થાય તે હેતુથી આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. 27 કરોડના આ પ્રોજેક્ટ અંતર્ગત યુનિવર્સિટીના તમામ મુખ્ય ભવનો, ફેકલ્ટીઓ અને વહીવટી કચેરીઓને આવરી લેવામાં આવશે.

**વડોદરા મહાનગરપાલિકા**
**એફોર્ડેબલ હાઉસીંગ વિભાગ**
www.vmc.gov.in
**જાહેર સુચના**
**પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વારસીયા-સંજયનગર ખાતે તૈયાર થનાર EWS-1 ટાઈપના આવાસો ફાળવવા અંગેના ઓનલાઈન ફોર્મ ભરવાની સમય મર્યાદા લંબાવવા બાબત**

વડોદરા મહાનગરપાલિકાની એફોર્ડેબલ હાઉસીંગ શાખા, રાવપુરા દ્વારા PRO No : ૧૧૭૫/૨૫-૨૬ થી પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વિવિધ યોજનામાં આવાસો મેળવવા ઓનલાઇન મંગાવવાની પ્રક્રિયા કરવામાં આવેલ હતી. જે પૈકી **વારસીયા-સંજયનગર રે.સર્વે નં.૩૮૪-૮૧૪-૪૧૭ (બેન્કર્સ હાર્ટ હોસ્પીટલ સામે, વારસીયા રિંગ રોડ, વારસીયા-સંજયનગર)** ખાતેના **EWS-1** ટાઈપના આવાસ **(આવાસની કિંમત રૂ.૩,૦૦,૦૦૦/-)** મેળવવા માટે ઓનલાઇન ફોર્મ ભરવાની સમયમર્યાદા વધુ **30 દિવસ** એટલે કે **તા.૧૩/૦૪/૨૦૨૬ સાંજના ૦૬.૦૦ કલાક** સુધી લંબાવવામાં આવે છે.

**તા.૧૩/૦૪/૨૦૨૬**ના રોજ **સાંજના ૦૬.૦૦ કલાક** સુધી ફોર્મ ભરી શકાશે તથા જરૂરી દસ્તાવેજો વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ **www.vmc.gov.in** પર અપલોડ કરી શકાશે. જેની જાહેર જનતાએ નોંધ લઈ તેનો લાભ લેવા જણાવવામાં આવે છે.

**પી.આર.ઓ.નં.૧૨૮૬/૨૫-૨૬** **એફોર્ડેબલ હાઉસીંગ સેલ દ્વારા પ્રકાશિત**

# એનજીઓ માટે ટેક્સ પ્લાનિંગ અને કંપ્લાયન્સ" વિષય પર સેમિનાર યોજાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

Central Gujarat Chamber of Tax Consultants દ્વારા તા. 12 માર્ચ 2026, ગુરુવારે કુબેરભવન સ્થિત ચેમ્બર હોલ ખાતે "ચેરિટેબલ ટ્રસ્ટ અને એનજીઓ માટે ટેક્સ પ્લાનિંગ અને કંપ્લાયન્સ" વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે સિનિયર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સમિરભાઈ પારીખ ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે Income Tax Act, 1961 હેઠળ ચેરિટેબલ ટ્રસ્ટ અને એનજીઓ માટે ટેક્સ પ્લાનિંગ તથા કંપ્લાયન્સ અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું. પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા તેમણે પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ સંબંધિત આવકવેરા કાયદામાં થયેલા તાજેતરના સુધારાઓ સમજાવ્યા. ખાસ કરીને Section 2(15), Section 13(8), Section 10(23C) તથા Section 11 હેઠળ ઉપલબ્ધ ટેક્સ છૂટછાટના વિકલ્પો અને તેની જોગવાઈઓ અંગે વિસ્તૃત માહિતી આપી.

સાથે સાથે "Charitable Purpose" ની વ્યાખ્યા, ટેક્સ છૂટછાટના વ્યાપમાં થતા ફેરફારો, કલમ 11 હેઠળ આવકના ઉપયોગની મર્યાદાઓ તેમજ આવકવેરા રિટર્ન સાથે જોડાયેલી જટિલતાઓ અંગે પણ સમજણ આપવામાં આવી.



ઉપરાંત મહત્વપૂર્ણ સર્ક્યુલર, ફોર્મ્સ અને જરૂરી કંપ્લાયન્સ બાબતે પણ માર્ગદર્શન અપાયું.

સેમિનારમાં Foreign Contribution (Regulation) Act, 2010 તથા Foreign Contribution (Regulation) Amendment Act, 2020 દ્વારા થયેલા મહત્વપૂર્ણ સુધારાઓ અને વ્યાવસાયિકોએ રાખવાની કાળજી અંગે પણ ચર્ચા કરવામાં આવી. ઉપરાંત Section 12A અને Section 12AB હેઠળ ચેરિટેબલ ટ્રસ્ટને આવકવેરા નોંધણી મેળવવાની પ્રક્રિયા અંગે વિગતવાર સમજણ આપવામાં આવી. તેમણે જણાવ્યું હતું કે ભારતમાં થોડા જ રાજ્યોમાં ચેરિટેબલ અથવા પબ્લિક ટ્રસ્ટ માટે વિશિષ્ટ રાજ્ય કાયદા અમલમાં છે.

**ડેબ્ટ્સ રિકવરી ટ્રિબ્યુનલ-II**
**(નાણા મંત્રાલય, ભારત સરકાર)**
**ત્રીજો માળ, ભીખુભાઈ ચેમ્બર 18, ગાંધી કુંજ સોસાયટી, દીપક પેટ્રોલ પંપની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-380006.**

જાવક નંબરઃ 664/2026 Exb નંબરઃ A/13
O.A.152/2022

**વર્તમાનપત્ર પ્રસિદ્ધિ દ્વારા નોટિસ**
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ અરજદાર
વિરુદ્ધ
સાઈનાથ બેકરી અને અન્ય પ્રતિવાદી

પ્રતિ,
1. સાઈનાથ બેકરી (મુખ્ય ધિરાણ લેનાર અને પ્રોપ્રાઈટર દ્વારા સંચાલિત પ્રોપ્રાઈટરશિપ ફર્મ) ભોઈવાડો નવાપુરા, પાદરા, બરોડા-391420. અને/અથવા મોટો ભોઈવાડો, નવાપુરા પાદરા, પાદરા, વડોદરા, ગુજરાત-391440.
2. જાનકીબાઈ ભગવાનદાસ તન્ના (ગેરન્ટર) મોટો ભોઈવાડો, નવાપુરા પાદરા, પાદરા, વડોદરા, ગુજરાત-391440.

જ્યારે ઉપરોક્ત અરજદારે આ ટ્રિબ્યુનલમાં ઉપર જણાવેલ અરજી દાખલ કરી છે.
1. જ્યારે સમન્સ/નોટિસની બજવણી સામાન્ય રીતે થઈ શકી નથી અને જ્યારે આ ટ્રિબ્યુનલ દ્વારા વૈકલ્પિક બજવણી માટેની અરજી મંજૂર કરવામાં આવી છે.
2. પ્રતિવાદીઓને આથી કારણ દર્શાવવા માટે નિર્દેશ આપવામાં આવે છે કે મૂળ અરજી કેમ મંજૂર ન કરવી જોઈએ.
3. તમને તારીખ 24/03/2026 ના રોજ સવારે 10.30 કલાકે આ ટ્રિબ્યુનલ સમક્ષ વ્યક્તિગત રીતે અથવા એડવોકેટ મારફત હાજર રહેવા અને નોટિસ મળ્યા બાદ અરજદારને તેની નકલ પૂરી પાડીને લેખિત જવાબ/પ્રત્યુત્તર ફાઇલ કરવા માટે નિર્દેશ આપવામાં આવે છે.
4. નોંધ લેશો કે કસૂરવાર થવાના કિસ્સામાં, તમારી ગેરહાજરીમાં અરજી સાંભળવામાં આવશે અને તેનો નિર્ણય લેવામાં આવશે.

આજે તારીખ 07 માર્ચ, 2026ના રોજ મારા હસ્તાક્ષર અને ટ્રિબ્યુનલના સિક્કા હેઠળ આપેલ.

સેક્શન ઓફિસર

DGVCL
**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
CIN U40102GJ2003SGC042909
રજી. અને કોર્પોરેટ કચેરીઃ 'ઊર્જા સદન'
નાના વરાછા રોડ, કાપોદ્રા ચાર રસ્તા, સુરત - ૩૯૫૦૦૬
ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

**ખેતી વિષયક ફિડરોના વીજ પુરવઠાના સમયમાં ફેરફાર અંગેની જાહેરખબર**

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે બારડોલી વિભાગીય કચેરી હેઠળ ના આવતા ૬૬ કેવી મોટી ફળોદ સબ-સ્ટેશન માંથી નીકળતા નીચે જણાવેલ ખેતીવાડી ફિડરોનો રોજનો ચાલુ અને બંધ થવાના સમયમાં તારીખ ૧૫.૦૩.૨૦૨૬ થી ખેતીવાડી ગ્રુપ સમયમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવેલ છે, જેની નોંધ લેવા વિનંતી છે.

| અ. નં. | જિલ્લાનું નામ | સબ-સ્ટેશનનું નામ | ખેતીવાડી ફિડરનું નામ | ખેતીવાડી હાલનું ગ્રુપ | હાલનો ગ્રુપ નો સમય | અમલમાં આવતા ગ્રુપનું નામ | અમલમાં આવતા ગ્રુપનો સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરત | ૬૬ કેવી મોટી ફળોદ સબ-સ્ટેશન | ૧૧ કેવી વાઘેચા એજી ફિડર | DS2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DSG | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૨ | | | ૧૧ કેવી વરાડ એજી ફિડર | DS1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DSG | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| 3 | | | ૧૧ કેવી પણદા એજી ફિડર | DS1 | ૧૩:૦૦ થી ૨૧:૦૦ કલાક | DSG | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |
| ૪ | | | ૧૧ કેવી ચીખલી એજી ફિડર | DS2 | ૦૫:૦૦ થી ૧૩:૦૦ કલાક | DSG | ૦૮:૦૦ થી ૧૬:૦૦ કલાક |

(શ્રી બી. કે. પટેલ), વિશેષ મુખ્ય ઇજનેર (સી. એન્ડ આર.), દ.ગુ.વી.કં.લિ, સુરત

એમ.સી.બી./ ઈ.એલ.સી.બી./ આર.સી.સી.બી લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો